# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૪/૧૯-૨૦/૧૬૫૦-૨** તા.06.03.2020

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨0૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨0૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૭/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: સંજય ગુણવંતભાઈ ગણાત્રા , ગામ - રાજકોટ **સબડીવીઝન:** ઉદ્યોગનગર રાજકોટ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

તારીખ: 0૪-03-૨0૨0 (બુધવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, – ગ્રાહક નં. ૩૧૫0૧/૫૧૩૫૬/૭ ના વીજ બીલ તારીખ ૧૯.૧0.૧૯ ના રોજ મીટરનો ડિસ્પ્લે બંધ હોવાથી વીજ બીલ આપેલ નહિ જેથી

તા.૨૨.૧૦.૧૯ ના રોજ ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી દ્વારા સદર વીજ મીટર બદલીને ઓકટો.૧૯ નું બીલ તા.૨૨.૧૦.૧૯ ના રોજ "F" મુજબ નું સરેરાશ વપરાશ ૪૮૦ યુનિટનું બીલ આપેલ, તેમજ તા.૧૩.૧૧.૧૯ ના રોજ લેબોરેટરીમાં મીટર ટેસ્ટ કરતા રીડીંગ અવાચ્ય હોવાનું માલુમ પડેલ છે.ત્યારબાદ નવે.૧૯ નું બીલ તા. ૨૧.૧૧.૧૯ ના ખરેખર વપરાશ મુજબ (૨૮૮-૦૨)૨૮૬ યુનિટ નું બીલ આપવાને બદલે સરેરાશ વપરાશ ૪૮૦ યુનિટનું બીલ આપેલ જે અન્યાયી હોઈ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર ની લેખીત રજૂઆત મુજબ ઓકટો.૧૯ અને નવે.૧૯ ના બીલમાં લેવાપાત્ર એવરેજ રીડીંગ ની ગણતરી કરીને વધારાના ૧૪૬ યુનિટ ની રકમ રૂ.૧૦૩૫.૮૭ તા.૧૩.૦૧.૨૦ ના રોજ ગ્રાહકના ખાતામાં જમા કરેલ છે. આમ અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ પક્ષકાર તરફથી સુખદ નિરાકરણ કરી આપતા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૭.૦૨.૨૦ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે ફરિયાદનું નિરાકરણ થતા - અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૦૭.૦૨.૨૦ મુજબ સદર બાબતે અરજદાર ને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |